BAOU Education for All

Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)



### ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે

# બે દિવસીય 'અખિલ ભારતીય આચાર્ય ભરતમુનિ સંસ્કૃત સમારોહ'નો ભવ્ય પ્રારંભ



વ્રજકિશન ભૂમિ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU), અમદાવાદના 'જ્યોતિર્મય પરિસર' ખાતે આજે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગુજરાત સરકારના સહયોગથી બે દિવસીય અખિલ ભારતીય આચાર્ય ભરતમુનિ સંસ્કૃત સમારોહનો ભવ્ય પ્રારંભ થયો હતો.

સમારોહના પ્રથમ દિવસે ઉદ્ઘાટન સત્રમાં પદ્મવિભૂષણ ડૉ. સોનલ માનસિંહે ભારતીય કલા અને માતૃભાષા પ્રત્યે ગૌરવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, નાટ્યશાસ્ત્રમાં ગુરુનું સ્થાન અત્યંત મહત્વનું છે. કલા દેશ, કાળ અને પરિસ્થિતિ મુજબ અભિવ્યક્ત થાય ત્યારે જ જિવંત રહે છે.

સમારોહની અધ્યક્ષ કુલગુરુ પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે યુનિવર્સિટી દ્વારા સંસ્કૃત અને ભારતીય કલા પરંપરાના સંવર્ધન માટે કરવામાં આવી રહેલા પ્રયાસોની માહિતી આપી હતી. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ શ્રી હિમાંજય પાલીવાલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં સંસ્કૃત અને નાટ્ય પરંપરાના પુનરુત્થાન માટે બોર્ડ પ્રતિબદ્ધ છે અને સંશોધન કાર્ય માટે વિદ્વાનોને ધનના અભાવે અવરોધ ન આવે તેનું સંપૂર્ણ ઉત્તરદાયિત્વ બોર્ડ વહન કરશે.

ડૉ. સચ્ચિદાનંદ જોશીએ ભારતીય હસ્તપ્રતોના સંરક્ષણ અને સંપાદન કાર્યની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો અને સાંસ્કૃતિક ધરોહર પ્રત્યે સજાગ થવા આહ્વાન કર્યું હતું.

ડૉ. સંધ્યા પુરેચાએ નાટ્યશાસ્ત્રને જીવનને સાર્થક બનાવવાનો માર્ગ ગણાવ્યો હતો અને નવી શિક્ષણ નીતિ અંતર્ગત નાટ્યશાસ્ત્રના શિક્ષણ તરફના પ્રયાસોને સરાહનીય ગણાવ્યા હતા.

સમારોહના પ્રારંભે શ્રી કૃષ્ણેન્દુ સાહા દ્વારા ઓડિસી નૃત્યશૈલીમાં ગણેશ વંદના અને દશાવતારની નૃત્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ડૉ. સંધ્યા પુરેચા (અધ્યક્ષા, સંગીત નાટક અકાદમી) અને ડૉ. સચ્ચિદાનંદ જોશી (સભ્ય સચિવ, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર, દિલ્હી) ડૉ. મહેશ ચંપકલાલ, ડૉ. ગિરીશ ઠાકર આદિ વિદ્વાનોની ઉપસ્થિત રહ્યા હતા.

વ્રજકિશન ભૂમિ | Page No. 3 | તારીખ : 01/03/2026